ઘ-માર્ગ પર ટ્રાફિકનુ ભારણ ઘટાડવા સર્વિસ રોડ બનાવાની યોજના અદ્ધરતાલ

ગાંધીનગર સમાચાર

# માઈક્રોશોપિંગમાં ૧૦૦ દુકાનો કબજાના અભાવે વર્ષોથી ખંડેર હાલતમાં

**ડ્રો ની ફાળવણીના અંતે દુકાનની ફાળવણી બાદ પણ કબજો ન મેળવનારનુ નામ જ યથાવત રહેતા અન્ય લાભાર્થીઓને અન્યાય : લાંબા સમયથી માઇક્રોશોપિંગની જાળવણીના મુદ્દે પણ નિરસતા**

ગાંધીનગર તા ૧૦

શહેરમાં છેલ્લા ૧૫ વર્ષથી ૧૦૦ જેટલી માઈક્રોશોપિંગ સેન્ટરની દુકાનો કબજાના અભાવે બિનવારસી હાલતમાં છે. લાભાર્થીઓને માઈક્રોશોપિંગમાં દુકાનની ફાળવણી કરી દેવાયા બાદ કબજો ન લીધો હોય તેવા કિસ્સામાં વર્ષોના અંતે પણ નામ રદ કરવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી નથી. જેના લીધે પ્રતિક્ષા યાદીમાં સામેલ લાભાર્થીઓ પણ લાભથી વંચિત રહયા છે. બીજીતરફ સરકારને ભાડાની આવકમાં પણ લાખોનુ નુકશાન થયુ છે. આ મામલે અગાઉ મુખ્યમંત્રીને ઓનલાઈન કાર્યક્રમમાં અનેકવાર રજુઆત કરવામાં આવી હોવાછતા કોઈ પગલા લેવાયા નથી. જયારે પાટનગર યોજના વિભાગ દ્વારા પણ માઈક્રોશોપિંગની દુકાનોની જાળવણી કરવામાં આવતી નથી જેના પરિણામે હાલ ખાલી દુકાનો પણ ખંડેર બની છે.

ગાંધીનગર શહેરમાં લારી ગલ્લા ચાલકો માટે દાયકાઓ પુર્વે માઈક્રોશોપિંગ સેન્ટરનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ. જયારે ડ્રો કરાયા બાદ ૧૦૦ થી વધુ માઈક્રોશોપિંગની દુકાનોનો કબજો લાભાર્થીઓએ લીધો નથી. બીજીતરફ આવા સંજોગોમાં છેલ્લા ઘણાં વર્ષોથી ખંડેર બનતી માઈક્રોશોપિંગની દુકાનો અન્ય લાભાર્થીઓ માટે પણ બિનઉપયોગી નિવડી છે. જયારે સમય જતા ખંડેર બનતી દુકાનોની કોઈ દરકાર પણ ન લેવાતા હાલ શોપિંગમાં સ્થિત દુકાનોની દિવાલો પણ ભયજનક બની છે. શહેરના સે-૧૬,૨૭ અને સચિવાલય સહીતના વિસ્તારમાં માઈક્રોશોપિંગ સેન્ટરમાં ખાલી દુકાનોની સંખ્યા વિશેષ છે. આ મામલે લાભાર્થીઓ દ્વારા અનેકવાર જિલ્લા કલેકટરને પણ

● અનુસંધાન પાન-૭ પર

# મગફળી ઉત્પાદનમાં ગાંધીનગર રાજ્યમાં પ્રથમ

**હેક્ટર દીઠ વિક્રમી ઉત્પાદકતા મેળવી : જિલ્લાના ૨૯૫૮ ખેડૂતો પાસેથી ૪૦,૩૪૭ ક્વીન્ટલ મગફળી ટેકાના ભાલે ખરીદવામાં આવી હતી : સંજયપ્રસાદ**

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લાએ મગફળીના ઉત્પાદનમાં હેક્ટર દીઠ સૌથી વધુ ઉત્પાદકતા મેળવી રાજ્યમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. તે માટે કેન્દ્રના રાજ્ય કૃષિ મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ જિલ્લાના ખેડૂતોને અભિનંદન આપી અને જિલ્લાના પ્રયોગશીલ ખેડૂતોની મહેનતને બિરદાવી હતી.

તેમણે જણાવ્યું હતું કે, કૃષિ વિકાસ માટે દેશના તમામ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવશે. આ સોઈલ હેલ્થ કાર્ડ માટે દેશના કૃષિ વિજ્ઞાન કેન્દ્રો ખાતે એક હજાર લેબોરેટરી પીપીપી મોડલથી ઉભી કરવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે, કૃષિની સાથે પશુપાલન અને ડેરી ઉદ્યોગનો પણ વિકાસ સંતુલિત રીતે થાય તે માટે કેન્દ્ર સરકારે આગામી વર્ના બજેટમાં રૂ. ૮ હજાર કરોડની ફાળવણી કરી છે.

ખેડૂત તાલીમ કેન્દ્ર, ગાંધીનગર અને એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી (આત્મા), ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે કૃષિ મેળો અને પ્રદર્શનનું આયોજન ખેડૂત તાલીમ કેન્દ્ર, સેકટર-૧૫ ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એક માર્ગદર્શન

● અનુસંધાન પાન-૭ પર






વંટોળ - શુક્રવારની સાંજે શહેરમાં એકાએક તોફાની પવનને કારણે ધુળની ડમરીઓ ઉડતા વાહન ચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા... ગાંધીનગર પહેલાના સમયમાં આંધીનગર તરીકે ઓળખાતું હતું... ખુલ્લા મેદાનોનો વિસ્તાર વધુ હોવાથી વંટોળીયા વારંવાર આવતા હતા... જોકે હવે મકાનોનો વિસ્તાર વધતા અને ફુટપાથોના કારણે વંટોળ કે આંધીનો અનુભવ ઓછો થાય છે... પરંતુ શુક્રવારની સાંજે પવનની ગતિ વધતા શહેરના મુખ્ય માર્ગો અને આંતરિક માર્ગો ઉપરાંત સેક્ટરના વચ્ચેના વિસ્તારોમાં ધુળની ડમરીઓ ઉડતા રાહદારીઓ અને વાહનચાલકો હાલાકીમાં મુકાયા હતા...

# ઘ-માર્ગ પર ટ્રાફિકનુ ભારણ ઘટાડવા સર્વિસ રોડ બનાવાની યોજના અદ્ધરતાલ

**અગાઉ ઘ-૩ થી ઘ-૪ વચ્ચે સર્વિસ રોડ બનાવવા માટે નકશા અંદોજો તૈયાર કરાયા હતા : નકશા અંદાજોની મંજુરીના અંતે ત્રણ વર્ષના અંતો કોઇ કાર્યવાહી થઇ નથી**

ગાંધીનગર તા ૧૦

શહેરમાં મુખ્ય ઘ માર્ગ પર ઘ-૩ થી ઘ-૪ ના વિસ્તારમાં સર્વિસ રોડનુ નિર્માણ કરવાની યોજના હજુ સાકાર થઈ નથી. આ મામલે અગાઉ નકશા અંદાજોને મંજુરી આપી દેવાઈ હતી. આમછતા આગળ કોઈ કાર્યવાહી હાથ ન ધરાતા શહેરના મુખ્યમાર્ગ પર ટ્રાફિકનુ ભારણ ઘટાડવાની યોજના માર્ગ સલામતીની દ્રષ્ટીએ પણ ઉપયોગી બની નથી. મુખ્યમાર્ગને સમાંતર સર્વિસ રોડ બનાવાની યોજનાના આડે જગ્યા ખુલ્લી કરવાની બાબત પણ જટીલ હોવાનુ સ્પષ્ટ થયુ હતુ.

શેહરમાં વધતા વાહનોની સંખ્યાની સાથે મુખ્યમાર્ગો પર ટ્રાફિકનુ ભારણ વધ્યુ છે. જયારે શહેરના મુખ્યમાર્ગો પર જિલ્લા કક્ષાના બિલ્ડીંગ,કલેકટર કચેરી,કોર્ટ તેમજ પથિકાશ્રમ અને ડેપો સહીતના સંકુલો સ્થિત છે. ત્યારે આ વિસ્તારમાં કર્મચારીઓની અવરજવર પણ વિશેષ રહે છે. આવા સંજોગોમાં શહેરના મુખ્ય માર્ગ પર પીક અવર્સ દરમિયાન ટ્રાફિકનો વિશેષ ધમધમાટ જોવા મળે છે. જયારે ટ્રાફિક જામના દ્રશ્યો પણ રોજબરોજ નતનવી સમસ્યાનુ કારણ બને છે. શહેરના મુખ્ય માર્ગ પર ટ્રાફિકનુ ભારણ ઘટાડવા માટે તંત્ર દ્વારા અગાઉ ઘ-૩ થી ઘ-૪ વચ્ચે સર્વિસ રોડનુ નિર્માણ કરવાની યોજના તૈયાર કરવામાં આવી હતી. જયારે આ મામલે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત મોકલી

● અનુસંધાન પાન-૭ પર

# તલાટીની ૧૭ જગ્યા માટે ૩૯ કેન્દ્રો પર પરીક્ષા

**રવિવારે ૧૨,૫૭૦ પરીક્ષાર્થી આપશે : પહેલીવાર પરીક્ષાર્થીના અંગુઠાનું નિશાન ઓએમઆર શીટ પર લેવાશે : નવ વિજીલન્સ સ્કવોર્ડ બનાવાયા**

ગાંધીનગર, તા. ૧૦

પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા જિલ્લામાં આ રવિવારે તલાટી કમ મંત્રી અને મલ્ટી પરપઝ હેલ્થ વર્કરની પસંદગી માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજાશે. તલાટી કમ મંત્રીની જિલ્લામાં ૧૭ જગ્યા માટે ૧૨,૫૭૦ જેટલા પરીક્ષાર્થીઓ પરીક્ષા આપશે. આ પરીક્ષાઓ માટે તંત્ર દ્વારા એક ખાસ સ્ટ્રોંગરૂમ પણ બનાવવામાં આવ્યો છે.

પરીક્ષા નિષ્પક્ષ રીતે યોજાય તે માટે નવ જેટલા વિજીલન્સ સ્કવોડ પણ રચવામાં આવેલ છે. તલાટી કમ મંત્રીની પરીક્ષા માટે ૩૯ કેન્દ્રો નિયત કરાયા છે. જેમાં ૪૧૦ બ્લોક્સ છે. સી.સી.ટીવી દ્વારા પણ પરીક્ષાનું મોનીટરીંગ કરવામાં આવનાર છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ પરીક્ષા માટે કલોલ, મોટેરા, ચાંદખેડા, અડાલજ, ઝુંડાલ, રાંધેજા, સરગાસણ, કુડાસણ, કોબા અને ગાંધીનગર શહેરમાં કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા છે.

પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા પહેલીવાર પરીક્ષાર્થીના અંગુઠાનું નિશાન તેને અપાયેલ ઓ.એમ.આર. શીટ પર લેવામાં આવશે.

પરીક્ષાના એક કલાક પહેલાં પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાર્થીને પ્રવેશ અપાશે. પ્રવેશ લીધા બાદ પરીક્ષા પૂર્ણ થયા પછી જ બહાર જવા દેવામાં આવશે. કોઈપણ પરીક્ષાર્થી પરીક્ષાખંડમાં મોબાઈલ ફોન કે અન્ય કોઈપણ પ્રકારના ઉપકરણો સાથે પ્રવેશ નહિ મેળવી શકે.

પરીક્ષા ખંડ અને પરીક્ષા કેન્દ્રની આસપાસ ચાંપતો પોલીસ બંદોબસ્ત પણ રાખવામાં આવશે. તલાટી કમ મંત્રીની પરીક્ષાનો સમય ૧ કલાકનો રહેશે. બપોર બાદ મલ્ટી પરપઝ હેલ્થ વર્કરની સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે.

# કરાર આધારિત કર્મચારીઓ પડતર પ્રશ્નો માટે ધરણા કરશે

**મુખ્યમંત્રી કાર્યાલયમાં રજુઆત : પી એફના નાંણા, નોકરીની સલામતી અને વેતન વધારની ઉગ્ર માંગ**

ગાંધીનગર તા ૧૦

સરકારના વિવિધ વિભાગોમાં ૧૧ માસના કરાર આધારિત આઉટસોર્સથી કામ કરતા કર્મચારીઓના પડતર પ્રશ્નોના નિરાકરણ અંગે આજે મુખ્યમંત્રીના કાર્યાલયમાં રજુઆત કરવામાં આવી હતી. કરાર આધારિત કર્મચારીઓને પી એફના નાંણા પણ ચુકવાતા નથી. જયારે નોકરીની સલામતી અને કામ સમાન વેતનની માંગ સાથે પણ કર્મચારીઓને ન્યાય મળે તેવી ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી.

સરકારના વિવિધ વિભાગોમાં ૧૧ માસના કરાર આધારિત કર્મચારીઓ આઉટસોર્સ એજન્સીથી રોજમદાર તરીકે ફરજ બજાવી રહયા છે. પરંતુ વર્ષોથી વેતન વધારા અને નોકરીની સલામતીના મુદ્દે કર્મચારીઓને ન્યાય મળતો નથી. જયારે કર્મચારીઓના પી એફ કપાયા બાદ નાણાંની ચુકવણી

● અનુસંધાન પાન-૭ પર

# ઓનલાઈન એટેન્ડન્સ પ્રોજેક્ટમાં ૧૩ શાળાઓએ ગુટલી મારતાં નોટીસ અપાઈ


ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં ઓનલાઈન હાજરી અંગે હાથ ધરાયેલા પાયલોટ પ્રોજેક્ટમાં ૧૩ જેટલી શાળાઓ દ્વારા એપ પર રિપોર્ટ ન કરવામાં આવતાં આ અંગેના મોનીટરીંગ સેલે તેની ગંભીર નોંધ લઈ આ શાળાના નિયુક્ત શિક્ષકોને નોટીસ ફટકારી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ નોટીસમાં ઓનલાઈન એટેન્ડેસ પ્રોજેક્ટ બાબતે આપની નિષ્કાળજી કે કોમ્પ્યુટર નોલેજનો અભાવ જણાશે તો આપની સામે શિક્ષણ અધિનિયમ એક્ટ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે જિલ્લાની કચેરીને જણાવવામાં આવશે તેવી સ્પષ્ટ ચેતવણી અપાઈ છે.

જિલ્લામાં આ એપને આજે સમગ્ર જિલ્લા માટે કાર્યરત કરી દેવામાં આવી છે. માણસા તાલુકામાં આ પ્રોજેક્ટસના સારા પરિણામ મળ્યા હતા. જો કે ૧૩ જેટલી શાળાઓએ આમાં પણ ગુટલી મારતાં મોનીટરીંગ સેલે તેની ગંભીર નોંધ લીધી છે. આ સેલે આવેલ નોટીસની નકલ જિલ્લા વિકાસ અધિકારી તરફ પણ જાણકારી માટે મોકલેલ છે. મળતી વિગતો પ્રમાણે આ એપમાં ધોરણ દીઠ બાળકની હાજરી તેમજ વર્ગદીઠ શિક્ષકોની હાજરી અંગે અને દર બુધવારે આયર્ન ફોલીકની ટેબ્લેટ અંગેનું રિપોર્ટીંગ કરવાનુ છે. આ માટે જિલ્લાની તમામ શાળામાં બે નોડલ શિક્ષકોની નિમણુંક કરી તાલિમ બદ્ધ પણ કરી દેવામાં આવ્યા છે.


## બેસણું



અમારા પ.પૂ. પિતાશ્રી હરિભાઈ ભલાભાઈ પટેલ (ગામ:પોર) તા. ૮-૦૨-૨૦૧૭ બુધવારને મહા સુદ બારસના રોજ દેવલોક પામ્યા છે. ઈશ્વરને જે ગમ્યું તે ખરૂં. સદ્‌ગતનું બેસણું તા. ૧૨-૦૨-૨૦૧૭ને રવિવારના રોજ સવારે ૮.૦૦થી ૧૧.૩૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.

: સ્થળ :
"શ્રી હરિ", પ્લોટ નં. ૧૫/એ,
સ્વામીનારાયણ મંદિર સામે,
સેક્ટર-૨એ, ગાંધીનગર

લિ.
યોગીનભાઈ હરિભાઈ પટેલ
દિનેશભાઈ હરિભાઈ પટેલ
વિનોદભાઈ હરિભાઈ પટેલ
આકાશ યોગીનભાઈ પટેલ

આકાશ ઈન્ફ્રા. પ્રોજેક્ટસ લી. ગાંધીનગર

## બેસણું



અમારા પુજ્ય માતૃશ્રી રમીલાબેન સોમચંદ સોની તા.૪-૨-૨૦૧૭ ને રવિવાર ના રોજ દેવલોક પામ્યા છે.પ્રભુ ને ગમ્યું તે ખરૂ સદ્‌ગત નું બેસણુ તા.૧૨-૨-૨૦૧૭ ના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે બેસણું- તથા ૧૧ થી ૧ કલાકે સમાજના રીત રિવાજ મુજબનું બેસણું નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ઝુલેલાલ મંદિર,સેક્ટર-૨૧ -૩૦ બસ સ્ટેન્ડની પાછળ, સેક્ટર-૩૦, ગાંધીનગર

સોની વિનોદચંદ્ર ચંદુલાલ (જમાઈ) લી સોની બીનાબેન વિનોદચંદ્ર (પુત્રી)
સોની હસમુખકુમાર સાંકળચંદ (જમાઈ) સોની અંજુબેન હસમુખકુમાર (પુત્રી)

પીયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.



ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ
(ગુજરાત સરકારનું સાહસ)
બીજ ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર - ૩૮૨૦૧૦
ફોન: (૦૭૯) ૨૩૨૫૬૬૭૭, ૨૩૨૫૬૬૮૪
વેબસાઈટ : www.gurabini.com
CIN NO. U65410GJ1975SGC002693

**પ્લાસ્ટીક થેલી ૬ X ૪ની ખરીદીની ટેન્ડર નોટીસ**

આ નિગમને પ્લાસ્ટિક થેલી ૬ x ૪ની કુલ ૨૦૦૦ કિલો જથ્થાની ખરીદી કરવાની હોઈ બંધ કવરમાં ભાવ સાથે મંગાવવામાં આવે છે. ટેન્ડરની વિગતો વેબસાઈટ www.gurabini.com ઉપરથી ઉપલબ્ધ થશે. સંબંધિત ટેન્ડર ફોર્મ ફી રૂ. ૫૦૦/- ભર્યેથી તારીખ ૧૧/૨/૨૦૧૭થી તા. ૩/૩/૨૦૧૭ના ૧૬.૦૦ કલાક સુધી કચેરીના ચાલુ દિવસોમાં મળશે. વેબસાઈટ પરથી ફોર્મ મેળવનારે ટેન્ડર ફોર્મનો ડી.ડી. ભરેલ ટેન્ડર સાથે આપવાનો રહેશે. ભરેલ ટેન્ડર ફોર્મ તારીખ : ૪/૩/૨૦૧૭ના રોજ ૧૨.૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે અને તે જ દિવસે ૧૩.૦૦ કલાકે ખોલવામાં આવશે. જેમાં ટેન્ડરરો ઉપસ્થિત રહી શકાશે.

(બી. એમ. મોદી)
મેનેજીંગ ડીરેક્ટર



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT | KisaN® | ashirvad | BENELAVE™ | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com